અપીલ અરજી નં.૬૧ તા.૨૦–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ધનશ્યામભાઈ છગનભાઈ સરવૈયા

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધનશ્યામભાઈ છગનભાઈ સરવૈયાની તા.૯–૪–૧૦ ની અરજીથી ટેના. નં.૨૧બી–૦૧–૪૫૩૧–૦૦૦૧ વાળી મિલકતમાં પોપટભાઈ લાખાભાઈ ડાભીએ સામાવાળા ગણેશભાઈ ડાહયાભાઈ મકવાણા પાસેથી રાખેલ ખુલ્લો પ્લોટ મધુવન સોસાયટી નં.૧૪૮ કરંજ, સુરત તા.૨૯–૬–૧૯૯૦ ના રોજ નામ ટ્રાન્ફર માટે અરજી આપેલ. જે નામ ઉપર થયેલ નથી. તેનું કારણ શું? જેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૦–૫–૧૦ ની **SMC/FAP/** નં.૬૧/૨૦૧૦–૧૧

શ્રી ધનશ્યામભાઈ છગનભાઈ સરવૈયાની તા.૯–૪–૧૦ ની અરજીથી ટેના. નં.૨૧બી–૦૧–૪૫૩૧–૦૦૦૧ વાળી મિલકતમાં પોપટભાઈ લાખાભાઈ ડાભીએ સામાવાળા ગણેશભાઈ ડાહયાભાઈ મકવાણા પાસેથી રાખેલ ખુલ્લો પ્લોટ મધુવન સોસાયટી નં.૧૪૮ કરંજ, સુરત તા.૨૯–૬–૧૯૯૦ ના રોજ નામ ટ્રાન્સફર માટે અરજી આપેલ. જે નામ ઉપર થયેલ નથી. તેનું કારણ શું? જેની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૭ તા.૨૩–૪–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૨૭૬ તા.૨૭–૫–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા અરજદારનેઅપીલ અરજીમાં મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત તથા તા.૨૯–૬–૯૦ ની અરજીની નકલ મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/ અરજી નં.૩૭ તા.૩૧–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેનો પત્ર નં.ઈ.ઝે/આરટીઆઈ/૩૭ તા.૨૩–૪–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૪–૬–૧૦ ના પત્રથી મિલ્કત ટ્રાન્સફર અંગેનું ભરેલ ફોર્મ તથા તેની રસીદ, જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પ્રત્યુત્તરની નકલ, ફી ભર્યાની રસીદની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૯–૪–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારી પૂર્વઝોન વરાછાને માહિતી માંગતી અરજી કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/ ૩૭ તા.૨૩–૪–૧૦ થી " સદર નામ ટ્રાન્સફર માટે તા.૨૯–૬–૯૦ ના રોજ આપેલ અરજીને ૨૦ વર્ષ વીત્યા હોય, જે અંગેની માહિતી ઝોન કચેરીના દફતરે ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે આપેલ જવાબથી નારાજ થઈ તા.૨૦–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ૨૦ વર્ષનો સમયગાળો બતાવેલ છે પરંતુ માહિતી ન હોવાથી તે અંગેના રેકર્ડની નિકાલ કે નાશ કર્યા અંગેની કોઈ વિગતો પૂરી પાડેલ જણાતી નથી. અરજદારે પૂરક વિગતોમાં રજૂ કરેલ બાબત હેઠળની મિલ્કતના નામ ટ્રાન્સફરની અરજી તા.૨૯–૬–૯૦ ના રોજ આકારણી ખાતુ ઈનવર્ડ નં.૧૪૦ તા.૨૯–૬–૯૦ થી કચેરીમાં સ્વીકારાયેલ જણાય છે. તે સંજોગોમાં અરજીના નિકાલ સબંધી દફતરી નોંધ હોવાનું અનિવાર્ય છે. જો કાર્યવાહીના કાગળોના દફતરનો નિકાલ કે નાશ કર્યો હોય તો તે બાબતનું કાયમી દફતર હોય જ. કાયદાથી ચરિતાર્થ થયેલ પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના ઉદ્દેશો ધ્યાને લેતાં નિર્દિષ્ટ દફતરી નિભાવણી હોવાનું આવશયક પણ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૪–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલી માહિતી અંગે મુળ દફતરી સંદર્ભની પુનઃ ચકાસણી તપાસ કરાવી ઉપલબ્ધ માહિતી અન્યથા મહાનગરપાલિકા અમલી રેકર્ડ વર્ગીકરણ રુલ્સની વિગતે દફતરી નિકાલ કે નાશ કર્યા બાબતની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી વિગત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન).. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ધનશ્યામભાઈ છગનભાઈ સરવૈયા,